ISSN 2454-8596
www.MyVedant.com
VIDHYAYANA
An International Multidisciplinary Research E-Journal

# દેવભૂમિ દ્વારકા જીલ્લામાં ઉદ્યોગોનું કૃષિક્ષેત્ર પરનું અવલંબન-સમસ્યાઓનો સંક્ષિપ્ત અભ્યાસ:

પોપાણીયા ગોવિંદકુમાર એ.
(M.A,PH.D con…)
i.c. principal r.p.chavdamahila arts college-bhatiya
B.K.N.M.U.Junagadh

## પ્રસ્તાવના

ભારતમાં 1991ના આર્થિક સુધારા પછી ઉદ્યોગક્ષેત્ર પર વધુ પડતો ભાર મૂકવામાં આવ્યો છે. તેમ છતાં ભારતમાં કુલ વસ્તીના આશરે 70 ટકા જેટલા લોકો કૃષિ ક્ષેત્ર સાથે જોડાયેલા છે તથા રોજગારી મેળવે છે. ભારતના ઘણા બધા રાજ્યોમાં કૃષિ મુખ્ય વ્યવસાય છે. ભારતનું ગુજરાત રાજ્ય જે વિકસિત રાજ્યોમાનું એક છે. તેમ છતાં આજે તેમાં આવેલા જિલ્લાઓમાં ઉદ્યોગીક વિકાસ ઓછો થયેલો જોવા મળે છે . જે ઉદ્યોગો વિકસ્યા છે તેમાં મોટા ભાગના કૃષિ આધારિત ઉદ્યોગો છે.

સરકાર દ્વારા વિકાસને પ્રોત્સાહન આપવા માટે સત્તાવિકેન્દ્રીકરણની નીતિ અપનાવવામાં આવતી હોય છે. ગુજરાત રાજ્યનો એવો જ એક જિલ્લો દેવભૂમિ દ્વારકા જિલ્લો જેને 15ઓગસ્ટ 2013ના રોજ જામનગર જિલ્લા થી અલગ કરવામાં આવ્યો. દેવભૂમિ દ્વારકા જિલ્લો સામાજિક અને સૈક્ષણિક રીતે પછાતપણું ધરાવે છે તેના માટે અનેક કારણો જવાબદાર હોય શકે છે જેમાં ખાસ કરીને કૃષિ ક્ષેત્ર પરનું ભારણ તથા ઉદ્યોગોનું કૃષિક્ષેત્ર પર અવલંબન. પ્રસ્તુત સંક્ષિપ્ત અભ્યાશમાં દેવભૂમિ દ્વારકા જીલ્લામાં ઓછા ઓદ્યોગીક વિકાસ તેમજ ઉદ્યોગો નું કૃષિક્ષેત્ર પર નું અવલંબન અને તેને કારણે ઉદભાવતી સમસ્યાઓને લયને સંક્ષિપ્ત અભ્યાસ હાથ ધરવામાં આવેલ છે જે આ પ્રમાણે છે.

## સમસ્યા

પ્રસ્તુત સંક્ષિપ્ત સંશોધન અભયશમાં સમસ્યા એ છે કે દેવભૂમિ દ્વારકા જીલ્લામાં  કૃષિ પરનું વધુ પડતું ભારણ અને તેના કારણે ઉદ્યોગોનો ખૂબ ઓછા પ્રમાણમા વિકાસ તેમજ ઓદ્યોગોનું કૃષિક્ષેત્ર પર નું અવલંબન તેના કારણે છૂપી બેરોજગારી તેમજ આર્થિક અને સૈક્ષણિક રીતે પછાતપણું.

## હેતુઓ

- દેવભૂમિ દ્વારકા જિલ્લાના સામાજિક અને સૈક્ષણિક રીતે પાછત હોવાના પાયાના કારણો જાણવા
- ખેતી પરના વધુ પડતાં ભારણ ના કારણે ઉદભાવતી સમસ્યાઓ સ્પષ્ટ કરવી
- ઉદ્યોગોના ખેતી પરના અવલંબનના કારણે બેરોજગારી જેવી સમસ્યાને પ્રકાશિત કરવી

## ક્ષેત્ર પરિચય

૧૫ ઓગસ્ટ ૨૦૧૩માં દેવભૂમિ દ્વારકા જિલ્લો તે પહેલા જામનગર સાથે જોડાયેલો હતો. એ પેહલાનો ઇતિહાસ જોઈએ તો જાડેજા ક્ષત્રિય કુળના વડા જામ રાવળજી કચ્છથી હાલાર સ્થળાંન્તર કરી અને કેટલાક વર્ષો સુધી ખંભાળિયામાં તેમનું સીહાશન સ્થાપ્યું. કેટલાક વર્ષો એ તેમની રાજધાની હતી . ઈ.સ.૧૫૯૬માં “નવાનગર” નામનું શહેર તેમની રાજધાની હતી. જામખંભાળિયા એ દેવભૂમિ દ્વારકાનું મુખ્ય મથક છે. ૧૫ ઓગસ્ટ ૨૦૧૩ના રોજ જામનગર માંથી દેવભૂમિ દ્વારકા જિલ્લાને અલગ કરવામાં આવ્યો હતો. દેવભૂમિ દ્વારકા જીલ્લામાં કુલ ૪ તાલુકાઓ આવેલા છે. જેમાં (૧)ખંભાળિયા (૨)કલ્યાણપુર (3)ઓખા-મંડલ (૪)ભાણવડ તાલુકાઓનો સમાવેશ થાય છે. દેવભૂમિ દ્વારકા નામ એ પ્રખ્યાત “દ્વારકાધીશ” ના નામ પરથી ઉતરી આવ્યું છે. દ્વારકા શહેરનું દ્વારકાધીશ મંદિર જે હિન્દુ પૌરાણીક કથા અનુસાર ચાર પવિત્ર સ્થાનોમાનું એક છે.

નવરચિત દેવભૂમિ દ્વારકા જીલ્લામાં ખંભાળિયા અને દ્વારકા નામના બે પેટા-વિભાગોનો સમાવેશ થાય છે. ખંભાળિયા પેટા વિભાગમાં ખંભાળિયા અને ભાણવડ તાલુકાનો સમાવેશ થાય છે, જ્યારે દ્વારકા પેટા વિભાગમાં ઓખા-મંડલ અને કલ્યાણપુર તાલુકાનો સમાવેશ થાય છે.

ISSN 2454-8596
www.MyVedant.com

VIDHYAYANA

An International Multidisciplinary Research E-Journal

## માહિતીનું વિશ્લેષણ અને પૃથ્થકરણ

| વસ્તી પ્રમાણ | |
|---|---|
| કુલ વસ્તી | ૭,૫૨,૪૮૪ |
| પુરુષ | ૩,૮૬,૫૬૬ |
| સ્ત્રીઓ | ૩,૬૫,૯૧૮ |

| | |
|---|---|
| સાક્ષરતા દર | ૬૭.૮ ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ... |

| ○ કૃષિ ક્ષેત્ર | |
|---|---|
| કુલ જમીન વિસ્તાર | ૪,૦૮,૬૬૩ હેક્ટર |
| વાવેતર વિસ્તાર | ૨,૩૮,૩૭૦ હેક્ટર |
| બિનખેડાણ વિસ્તાર | ૧૩,૨૭૮ હેક્ટર |
| ફોરેસ્ટ | ૧૭,૩૬૦ હેક્ટર |

| ઉદ્યોગ | | | |
|---|---|---|---|
| લઘુ ઉદ્યોગ | ૩૦૩ | મૂડીરોકાણ:૧,૯૬૩.૪૦લાખ | રોજગારી :૨૫૮૨ |
| નાના પાયાના | ૪૧ | મૂડીરોકાણ:૭,૯૦૫.૪૬લાખ | મૂડીરોકાણ:૭,૯૦૫.૪૬લાખ |
| મધ્યમ પાયાના | ૧૮ | મૂડીરોકાણ:૧૦,૯૨૫.૦૦લાખ | રોજગારી :૪૩ |

| વ્યવસાય |
|---|

| | | |
|---|---|---|
| ખેડૂતો | 264708 | 36% |
| ખેતમજૂરો | 105480 | 14% |
| ગૃહ ઉદ્યોગ | 12540 | 2% |
| અન્ય | 369756 | 48% |

-2011ની વસ્તી ગણતરી મુજબ...

-District industrial potential survey report of devbhumidwarka district (2016-17)

## મહત્વ

- દેવભૂમિ દ્વારકા જીલ્લામાં વિકાસને પ્રોત્સાહન આપવા માટે
- સમસ્યાઓ ના નિરાકરણ માટે
- પ્રસ્તુત સંક્ષિપ્ત સંશોધન અભયશ મહત્વનો છે.

## તારણો

- દેવભૂમિ દ્વારકા જિલ્લાની કુલ વસ્તી 752484 અને તેની સામે કુલ જમીન વિસ્તાર 408663 જેમાં વ્યક્તિ દીઠ અડધા હેક્ટર કરતાં પણ ઓછી જમીન કૃષિ પરના ભારણને અનુલક્ષીને.
- દેવભૂમિ દ્વારકામાં કુલ વાવેતર વિસ્તાર 238370 હેક્ટર અને તેની સામે કુલ ખેડૂતોની સંખ્યા 264708 જે કુલ વસ્તીના 36ટકા જેમાં સરેરાસ એક ખેડૂતના ભાગે પૂરતી 1 હેક્ટર જેટલી જમીન પણ આવી શકતી નથી. જે કૃષિ પરનું વધુ પડતું ભારણ દર્શાવે છે , અને તેમાં વધારાના 105480 ખેતમજૂરો જે કુલ વસ્તીના 14ટકા કૃષિક્ષેત્ર સાથે જોડાયેલા છે.
- બિન ખેડાણ વિસ્તાર 13278 હેક્ટર જેને ખેડવા લાયક બનાવી ઉપયોગ માં લય શકાય.
- ઉદ્યોગોમાં સવથી વધારે સંખ્યા સૂક્ષ્મ ઉદ્યોગોની છે. જેમાં કુલ 303 જેટલા સૂક્ષ્મ ઉદ્યોગોમાં 1963.40લાખ જેટલું મૂડી રોકાણ થયેલું છે. સરેરાસ એક ઉદ્યોગ દીઠ 6લાખ થી વધારે મૂડી રોકાણ અને આ ઉદ્યોગો 2582 જેટલા વ્યક્તિઓને રોજગારી પૂરી પાડે છે. જેમાં સરેરાસ એક ઉદ્યોગ દીઠ 8 વ્યક્તિઓ જોડાયેલા છે જેમાં મૂડીરોકાણમાં વધારો કરી રોજગારી માં વધારો કરી સકાય તેમ છે.

- દેવભૂમિ દ્વારકા જિલ્લા માં આવેલા આ ઉદ્યોગો કૃષિક્ષેત્ર સાથે ગઢ રીતે જોડાયેલા હોવાથી મોસમી ઉદ્યોગો છે જેમાં જોડાયેલા વ્યક્તિઓ મોસમી બેરોજગારીના ભોગ બને છે.
- દેવભૂમિ દ્વારકા જીલ્લામાં નાના પાયાના કુલ 41 ઉદ્યોગો આવેલા છે જેનું મૂડીરોકાણ 7902લાખ જેટલું છે. સરેરાસ એક ઉદયગ દીઠ 192લાખ નું મૂડીરોકાણ છે તેમજ તે માત્ર 366 વ્યક્તિઓને જ રોજગારી પૂરી પાડે છે. સરેરાસ એક ઉદ્યોગ દીઠ 8 વ્યક્તિઓ રોકાયેલા છે જે સૂક્ષ્મ ઉદ્યોગ જેટલા જ છે.
- મધ્યમ કદના કુલ 18 ઉદ્યોગો તેમાં મૂડીરોકાણ 10925લાખ જેમાં સરેરાસ મૂડીરોકાણ 6.6લાખ જેટલું જોવા મળે છે.રોજગારી માં આ ઉદ્યોગો માત્ર 43 વ્યક્તિઓને જ રોજગારી પૂરી પાડે છે. જેમાં સરેરાસ 3 વ્યક્તિઓને જ રોજગારી મળે છે.
- દેવભૂમિ દ્વારકા જીલ્લામાં જમીન પરનું વધુ પડતું ભારણ અને તેના કારણે છૂપી બેરોજગારી અને ઓછી ઉત્પાદકતા થી જીવનધોરણ નીચું રેહવા પામે છે.
- અન્ય 369756 જેટલા લોકો જે કુલ વસ્તીના 48ટકા જે છૂટક કામ કરે છે.
- દેવભૂમિ દ્વારકા જીલ્લામાં ગૃહ ઉદ્યોગો તેમજ મધ્યમ અને નાના પાયાના ઉદ્યોગોના વિકાસ માટે પ્રયાસો કરવાની તાતી જરૂરિયાત છે જેથી લોકો ને રોજગારી પ્રાપ્ત થાય તેમજ જીવન ધોરણમાં સુધારો થાય અને લોકો સામાજિક અને સૈક્ષણિક પછાતપણામાંથી બહાર આવે.

## સમીક્ષા

સરકાર દ્વારા વિકસાત્મક અનેક પ્રકારના પગલાઓ ભરવામાં આવતા હોવા છતાં આજે વ્યક્તિઓના મનોવલણો તેમજ ખેતી પરના વધુ પડતાં ભારણ ના કારણે લોકો પાછતપણામાંથી બહાર આવી શકતા નથી. તેમાં લોકોને જાગૃત કરવાની તાતી જરૂરિયાત અને પ્રોતશાહનો આપવાની તાતી જરૂરિયાત ઉદભવે છે.

## મર્યાદા

- માત્ર દેવભૂમિ દ્વારકા જિલ્લા પૂરતો જ સીમિત છે.
- અન્ય ક્ષેત્રોની સમસ્યાઓ જુદી હોવાથી લાગુ પડી શકે નહીં.

## સંદર્ભ સાહિત્ય:


- www.msmediahmedabad.gov.in
- **www.devbhumidwarka.Govt.in**
- http://devbhumidwarkadp.gujrat.gov.in/index.htm
- https://www.citypopulation.de/php/india-admin.php?adm2id=728
- https://data.gov.in/resources/farmers-queries-kisan-call-centre-kcc-devbhumi-dwarka-district-gujrat-month-november